ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૨/૨૦-૨૧/ ૩૯૧૬ તારીખ : 4 NOV 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૨/૨૦-૨૧

પ્રતિ,
**જયદીપ કન્સ્ટ્રકશન કંપની,**
૪૦-૪૧, માધવ કોમ્પ્લેક્ષ,
શાસ્ત્રીનગર,
**મું.ભાવનગર.**
**મો.નં. ૯૪૨૬૮ ૦૨૩૬૬.**

**વિષય : ટેમ્પરરી વિજ જોડાણ રદ કરી ડિપોઝીટ પરત કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૮/૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૨૦-૨૧/૨૬૧૮ તા.૩૦/૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૨૦-૨૧/૩૫૫૦ તા.૧૬/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૮/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ... વિભાગીય કચેરી, **ઘોઘા.**

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૨૨/૨૦–૨૧</u>** ☜

વાદી :– **મે.જયદીપ કન્સ્ટ્રકશન કંપની,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૮/૧૦/૨૦૨૦</u>** ◈

હાજર રહયા :– **શ્રી ધર્મેન્દ્રસિંહ બચુભા સરવૈયા – (વાદી ના સાઈટ સુપરવાઈઝર)**

પ્રતિવાદી :– **શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.જયદીપ કન્સ્ટ્રકશન કંપની, મું.ભાવનગર ની ટેમ્પરરી વિજ જોડાણ રદ કરી ડિપોઝીટ પરત કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૨/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૨૨/૨૦–૨૧/૨૬૧૮ તા.૩૦/૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૮/૧૦/૨૦૨૦</u>** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મે.જયદીપ કન્સ્ટ્રકશન કંપની વતી સાઈટ સુપરવાઈઝર શ્રી ધર્મેન્દ્રસિંહ બચુભા સરવૈયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨ ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની ફોરમ સમક્ષની તા.૨૮/૭/૨૦૨૦ નીરજૂઆત મુજબ તેઓએ મે.જયદીપ કન્સ્ટ્રકશન કંપની ગ્રાહક નં–૬૦૨૦૯/૧૫૨૧૮/૪ થી નવા રતનપર ખાતે હંગામી વિજ જોડાણ મેળવેલ છે.

૧.૨ જે હંગામી વિજ જોડાણ અંતર્ગત કામ પૂર્ણ થઈ ગયેલ હોય, સદર વિજ જોડાણ બંધ કરવા માટે વિનંતી કરેલ હતી. જેમાં, પીજીવીસીએલ તરફથી મીટર કાઢવામાં મોડું થતા આ કનેકશન માંથી વિજ પુરવઠો કોઈ અન્યથી વપરાયેલ હોય તેમ જણાય છે.

૧.૩ જેમાં, વાદીશ્રી નો કોઈ દોષ ન હોય જે વધારાનું બિલ આપવામાં આવેલ છે, તે તેઓએ ભરવાનું રહેતું નથી. જેથી, જોડાણ મેળવવા ના સમયે જે ડિપોઝીટ ભરેલ છે તે પરત આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી નવા રતનપર રોડ ના બાંધકામના હેતુ અંતર્ગત ૧ વર્ષ માટે હંગામી વિજ જોડાણ મેળવવા માટે તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી.

૨.૨ જે વિજ જોડાણ કંપની ના પ્રવતમાન નિયમોનુસાર તા.૯/૧/૨૦૧૯ ના રોજ મીટર નં– PGST 03155676 થી રીલીઝ કરવામાં આવેલ. જેનો ગ્રાહક નં–૬૦૨૦૯/૧૫૨૧૮/૪ છે.

૨.૩ ત્યારબાદ, સદર મીટર – PGST 03155676 ફોલ્ટી માલૂમ પડતાં, તા.૧૪/૧૧/૨૦૧૭ ના રોજ નવા મીટર નં– PGST 04580524 થી બદલાવેલ.

૨.૪ સદર વિજ જોડાણની ૧ વર્ષ ની મુદત પૂર્ણ થતાં, વધુ ૬ માસની મુદત વધારો માટે અરજી કરેલ. જે પેટા વિભાગીય કચેરી, ઘોઘા ખાતે તા.૪/૧/૨૦૨૦ ના રોજ ઈન્વર્ડ નં–૨૦ થી મળેલ. જે અનુસંધાને, સદર હંગામી વિજ જોડાણ ગ્રાહક નં–<u>૬૦૨૦</u>૯/૧૫૨૧૮/૪ ની તા.૩/૭/૨૦૨૦ સુધી મુદત વધારી આપવામાં આવેલ.

૨.૫ ત્યારબાદ, ગ્રાહક દ્વારા માર્ચ–૨૦૨૦ સુધીની બિલની રકમ ભરપાઈ ન કરતાં, સદર વિજ જોડાણ (મીટર નં– PGST 04580524) તા.૮/૩/૨૦૨૦ ના રોજ પીડીસી કરવામાં આવેલ.

૨.૬ ત્યારબાદ, તા.૪/૮/૨૦૨૦ ઈન્વર્ડ નં–૯૧૪ ના રોજ વાદીશ્રી દ્વારા સદર વિજ જોડાણ રદ કરવા માટે અરજી કરેલ છે.

૨.૭ આ અગાઉ વાદી શ્રી દ્વારા પેટા વિભાગીય કચેરીમાં એકપણ વખત સદર હંગામી વિજ જોડાણ રદ કરવા માટે અરજી કરેલ નથી.

૨.૮ મીટર નં–PGST 04580524 નો MRI તથા Per Day KW ની વિગત જે આ સાથે સામેલ છે. તે મુજબ પણ સદર વિજ જોડાણમાં પાવરનો વપરાશ થયો હોય, તેવું લોડ પ્રોફાઈલ માં જણાયેલ છે.

૨.૯ Also as per GERC Electricity Supply Code Notification No. 4 of 2015, Section, Para No.4.108,

" The meter, meter boards, service mains, MCB/CB, load limiters etc,must on no account be handled or removed by any one who is not an authorized employee/representative of the licensee – seals which are fixed on the meters/metering equipment,load limiters and the licensee's apparatus,must on no account be tempered with, damaged or broken. It is the consumers responsibility to keep in safe custody the licensee's equipment and seals on the meters/metering equipment, at the consumers premises."

પીજીવીસીએલ દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવેલ મીટર અને સંબંધિત સાધનો ને સલામત રાખવાની જવાબદારી ગ્રાહકની હોય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૧૦ આથી, વાદીશ્રી દ્વારા આ કનેકશનમાંથી વિજ પુરવઠો કોઈ અન્યથી વપરાયેલ હોઈ તેમ જણાય છે. જેમાં, અમારો કોઈ દોષ નથી અને જે વધારાનું બિલ આપવામાં આવેલ છે, તે અમારે ભરવાનું રહેતુ નથી. બાબતની રજૂઆત માન્ય રાખી શકાય નહી.

૨.૧૧ આથી, પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ બિલ ગ્રાહકે ભરવાપાત્ર છે.

જે આપ સાહેબની જાણ સારૂં તથા યોગ્ય થવા સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ધર્મેન્દ્રસિંહ બી સરવૈયા કે/ઓ મે.જયદીપ કન્સ્ટ્રકશન કંપની વતી હાજર રહેલ છે. વાદી એ તા.૨૮/૭/૨૦૨૦ ના રોજ ફોરમને કરેલ લેખિત રજૂઆત માં તેના હંગામી વિજ જોડાણ માં પ્રતિવાદી તરફથી વધારાનું બિલ આપવામાં આવેલ છે. તેમજ ડિપોઝીટ પરત કરવાની રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીએ તેના રોડ ના કન્સ્ટ્રકશન નો કોન્ટ્રાકટ ના કામ માટે ઘોઘા તાલુકા ના ગામ–રતનપર પાસે તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ 5 KW નું સીગલ ફેઈઝ હંગામી વિજ જોડાણ છ માસ માટે માંગેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદી ના હંગામી વિજ જોડાણ માટે લાઈન તથા ટ્રાન્સફોર્મર ઉભુ કરી તા.૯/૧/૨૦૧૯ ના રોજ 5 KW નું હંગામી વિજ જોડાણ ચાલુ કરી આપેલ.

૩.૪ ત્યારબાદ, વાદીએ તેના હંગામી વિજ જોડાણ માં સમય મર્યાદા વધારવા માટે અરજી કરતા, પહેલી વખત તા.૬/૧૨/૨૦૧૯ સુધી અને બીજી વખત તા.૩/૧/૨૦૨૧ સુધી સમય મર્યાદા વધારી આપેલ.

૩.૫ વાદીએ તેના હંગામી વિજ જોડાણ ની વિજ બિલ ની રકમ ન ભરવાથી પ્રતિવાદી એ તા.૮/૩/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન નું મીટર તેમજ સર્વિસ દૂર કરેલ અને વિજ પુરવઠો કાપેલ. જે સમયે મીટરમાં ૧૦૩૩ રીડીગ નોંધાયેલ હતા.

૩.૬ તા.૧૧/૫/૨૦૨૦ ના રોજ વાદીના મીટર નું લેબ પરીક્ષણ કરેલ. જેમાં, વાદીનું મીટર બરાબર જણાયેલ તેમજ મીટર માં નોંધાયેલ રીડીગ ૧૦૩૩ હતા. પ્રતિવાદી એ વાદીના મીટર નો MRI ડાઉનલોડ કરેલ અને તેનો લોડ પ્રોફાઈલ ડેટા તેમજ બિલીંગ હિસ્ટ્રી નો ડેટા રજૂ કરેલ છે.

૩.૭ વાદીની આજરોજ મૌખિક રજૂઆત મુજબ તેઓએ પ્રતિવાદી ની કચેરીમાં વિજ જોડાણ રદ કરવા માટે ફેબ્રુ–૨૦ માં અરજી કરેલ તેમ જણાવેલ છે. પરંતુ, વાદી એ તે માટેની અરજી માં પ્રતિવાદીની કચેરીમાં કચેરીની કે કોઈ અધિકારીની રીસીવ તરીકે સાઈન લીધેલ નથી. પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, આવી કોઈ અરજી વાદી તરફથી કરવામાં આવેલ નથી.

૩.૮ વાદીની રજૂઆત છે કે, ફેબ્રુ–૨૦ માસ પછી તેઓએ કોન્ટ્રાકટ નું કામ ત્યાંથી બંધ કરી ચાલ્યા ગયેલ અને ત્યારબાદ, કોઈ વિજ પુરવઠો તેઓએ વાપરેલ નથી. પરંતુ, પ્રતિવાદી એ રજૂ કરેલ MRI નો લોડ પ્રોફાઈલ ડેટા જોતા જણાય છે કે, તા.૮/૩/૨૦૨૦ (મીટર રીમુવ કર્યાની તારીખ) સુધી વાદીના મીટરમાં ૧૦૩૩ રીડીગ નોંધાયેલ છે.તેમજ વર્ક પ્રોફાઈલ ડેટા મુજબ ફેબ્રુઆરી અને માર્ચ–૨૦૨૦ માસમાં વિજ વપરાશની નોંધ જણાય છે. આથી, તા.૮/૩/૨૦૨૦ સુધી વાદીના વિજ જોડાણમાં વિજ વપરાશ થયેલ છે.

૩.૯ GERC Supply Code Notification No. 4 of 2015, Section-4, Para No.4.108, મુજબ વાદીના વિજ સ્થાપન પર લગાડેલ મીટર બોર્ડ વગેરેની સંભાળ રાખવાની જવાબદારી વાદીની છે. તેથી, ફેબ્રુ–૨૦ માસ પછી વાદીએ વિજ વપરાશ કરેલ નથી, તેવી રજૂઆત ને ગ્રાહય રાખવામાં આવતી નથી.

૪.૦ ઉપરના અવલોકનો પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદી એ ભરેલ ટેમ્પરરી જોડાણ માટેની ડિપોઝીટ રૂ.૨૦,૦૦૦/– ને એડજસ્ટ કરી, અને ફાઈનલ બિલ તૈયાર કરી, વાદીને બાકી નીકળતી રકમનું બિલ ટપાલ દ્વારા મોકલવું. જે વાદીએ ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૪.૦ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.જાજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૮/૧૦/૨૦૨૦.